# હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ

## (મહારત્ન કંપની)

## ગુજરાતમાં રીટેલ આઉટલેટ્સ માટે જમીન (માત્ર)ની જરૂરિયાત (ડીલરશીપ માટે નહીં)

એચપીસીએલ ગુજરાત રાજ્યમાં નીચેનાં સ્થળોએ રીટેલ આઉટલેટ સ્થાપવા માટે દરખાસ્ત કરે છે. આ સંદર્ભમાં, રીટેલ આઉટલેટ સ્થાપવા માટે જાહેરાતમાં દર્શાવેલ ક્ષેત્રમાં/પટ્ટામાં યોગ્ય જમીન ધરાવતા કોઈપણ પક્ષ/વ્યક્તિ તરફથી ઓફર (ઓ) આમંત્રિત કરવામાં આવી છે.

તા. ૦૨.૦૧.૨૦૨૧નાં રોજ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ગુજરાત સમાચારમાં પ્રકાશિત થયેલ જાહેરાત મુજબ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા નીચે જણાવેલ સ્થળો એ રીટેલ આઉટલેટ સ્થાપવા માટે નિરપેક્ષ અને વિશિષ્ટ માલિકો અથવા સહ-માલિકો પાસે થી પ્લોટ ટ્રાન્સફર અથવા લીઝ (લઘુત્તમ 19 વર્ષ 11 મહિના) દ્વારા જમીન અથવા સંપૂર્ણ વેચાણથી બે બીડ સિસ્ટમ એટલે કે (A) ટેકનિકલ બીડ (B) ફાયનાન્સીયલ બીડે થકી સીલબંધ ઓફરો મંગાવવામાં આવે છે. અરજદારને અન્ય સહ-માલિકો અથવા જમીનમાં રૂચિ ધરાવતા પક્ષો તરફથી વાંધો હોવો જોઈએ નહીં. આ જાહેરાત પ્રકાશિત થવાની તારીખ પહેલા કબજો ધરાવતા માલિકો સાથે વેચાણ માટે નોંધાયેલા કરાર કરનાર પક્ષકારો પણ અરજી કરી શકે છે. નીચે જણાવેલ પ્લોટ સાઈઝ લઘુત્તમ આગળનો મોરો X લઘુત્તમ ઉંડાઈ (મીટરમાં) સૂચવે છે.

| અનું. નં. | સ્થળ | જીલ્લો | લઘુત્તમ પ્લોટ માપ (MxM) (આગળ × ઊંડાઈ) | લઘુત્તમ વિસ્તાર (ચો.મી.) |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ મ્યુનિસીપલ હદમાં ગમે ત્યાં | અમદાવાદ | 17X20 | 500 |
| 2 | 200 ફીટ એસ પી રીંગ રોડ પર ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 17X20 | 500 |
| 3 | નારોલ સર્કલ થી અસલાલી સર્કલ વચ્ચેના રોડ પર ગમે ત્યાં | અમદાવાદ | 17X20 | 500 |
| 4 | એસ જી હાઈવે પર ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 17X20 | 500 |
| 5 | થલતેજ / હેબતપુર / સોલા / ભાડજ / શીલજ માં ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 17X20 | 500 |
| 6 | વટવા / જીઆઈડીસી વટવા / વિંઝોલ / ઘોડાસર માં ગમે ત્યાં | અમદાવાદ | 17X20 | 500 |
| 7 | ચાંદખેડા / મોટેરા / અમીયાપુર / સુઘડ માં ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 17X20 | 500 |
| 8 | ઔડા હદની અંદર ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 17X20 | 500 |
| 9 | એસ જી હાઈવે થી એસ પી રીંગ રોડ જોડતા કર્ણાવતી ક્લબ રોડ પર ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 17X20 | 500 |
| 10 | જજીસ બંગલો રોડ થી ડ્રાઈવ-ઈન રોડ જોડતા સત્ય માર્ગની જમણી બાજુ પર ગમે ત્યાં | અમદાવાદ | 17X20 | 500 |
| 11 | કાલરી બસ સ્ટોપના 4 કિ.મી. સુધીમાં બેચરાજી તરફ | મહેસાણા | 40X40 | 1600 |
| 12 | ડી-માર્ટ સર્કલ મહેસાણા થી 4 કિ.મી. ની અંદર મહેસાણા બાયપાસ રોડ પર અમદાવાદ તરફ | મહેસાણા | 40X40 | 1600 |
| 13 | વીસનગર શહેર હદની અંદર | મહેસાણા | 25X25 | 600 |
| 14 | મહેસાણા મ્યુનિસીપલ હદની અંદર | મહેસાણા | 25X25 | 600 |
| 15 | કડી શહેર હદની અંદર | મહેસાણા | 25X25 | 600 |
| 16 | અમદાવાદ મહેસાણા હાઈવે પર ઉનાવા એપીએમસી ગેટ થી 4 કિ.મી. ની અંદર ડાબી બાજુ મહેસાણા તરફ | મહેસાણા | 40X40 | 1600 |
| 17 | મહેસાણા અમદાવાદ હાઈવે પર શંકુઝ મેઈન ગેટ થી 4 કિ.મી. ની અંદર અમદાવાદ તરફ | મહેસાણા | 40X40 | 1600 |
| 18 | એસએચ-41 પર સેર્ફોની ઈન્સ્ટીટ્યૂટ ટેક્નોલોજી થી 3 કિ.મી. ની અંદર મહેસાણ તરફ | મહેસાણા | 40X40 | 1600 |
| 19 | એસએચ-41 પર પટેલ ગ્રુપ ઑફ ઈન્સ્ટીટ્યૂશન્સ થી 3 કિ.મી. સુધી પાલનપુર તરફ | મહેસાણા | 40X40 | 1600 |

| | | | | |
|---|---|---|---|---|
| 20 | મહેસાણા અમદાવાદ હાઈવે પર ઓએનજીસી સર્કલ થી 5 કિ.મી. ની અંદર જમણી બાજુ અમદાવાદ તરફ | મહેસાણા | 25X25 | 600 |
| 21 | અમદાવાદ મહેસાણા હાઈવે પર નંદાસણ ટાઉન | મહેસાણા | 30X30 | 900 |
| 22 | કડી ચાર રસ્તા થી 2 કિ.મી. ની અંદર નંદાસણ તરફ | મહેસાણા | 30X30 | 900 |
| 23 | એસએચ-145 પર કોઈ પણ બાજુ ન્યુ ડિસ્ટ્રીક્ટ કોર્ટ અરાવલી થી શામળાજી સુધી | અરાવલી | 30X30 | 900 |
| 24 | એનએચ-48 પર કોઈ પણ બાજુ રાજેન્દ્રનગર ચોકડી થી ગુજરાત-રાજસ્થાન બોર્ડર સુધી | અરાવલી | 35X40 | 1400 |
| 25 | ગાંધીનગર શહેર હદની અંદર ગમે ત્યાં | ગાંધીનગર | 20X25 | 500 |
| 26 | એનએચ-147 પર કોઈ પણ બાજુ વૈષ્ણોદેવી સર્કલ થી મોટા ચિલોડા સર્કલ સુધી | ગાંધીનગર | 30X30 | 900 |
| 27 | એનએચ-48 પર કોઈ પણ બાજુ મોટા ચિલોડા સર્કલ અને નાના ચિલોડા સર્કલ વચ્ચે | ગાંધીનગર | 35X40 | 1400 |
| 28 | એસએચ-71 પર કોઈ પણ બાજુ તપોવન સર્કલ અને ઈન્દ્રોડા સર્કલ વચ્ચે | ગાંધીનગર | 30X30 | 900 |
| 29 | એસએચ-41 અથવા એસએચ-133 પર કોઈ પણ બાજુ ગાંધીનગર જિલ્લા હદની અંદર | ગાંધીનગર | 30X30 | 900 |
| 30 | રિલાયન્સ ચોકડી થી 2 કિ.મી. ની અંદર ગમે ત્યાં | ગાંધીનગર | 20X25 | 500 |
| 31 | એસએચ-41 પર કોઈ પણ બાજુ ઝુંડાલ સર્કલ અને અડાલજ સર્કલ વચ્ચે | ગાંધીનગર | 30X30 | 900 |
| 32 | ઓગણજ-વડસર રોડ પર ઓગણજ સર્કલ સુધી કોઈ પણ બાજુ 5 કિ.મી. ની અંદર | ગાંધીનગર | 20X25 | 500 |
| 33 | હિમતનગર મ્યુનિસીપાલીટી હદની અંદર ગમે ત્યાં | સાબરકાંઠા | 20X25 | 500 |
| 34 | હિમતનગર માં ખેડ-તાસીયારોડ પર મોતીપુરા સર્કલ સુધી કોઈ પણ બાજુ 5 કિ.મી. ની અંદર | સાબરકાંઠા | 30X30 | 900 |
| 35 | એનએચ-48 પર હિમતનગર માં પ્રાંતિજ સર્કલ થી મોતીપુરા સર્કલ સુધી કોઈ પણ બાજુ | સાબરકાંઠા | 35X40 | 1400 |
| 36 | બાવળા ટાઉનની હદની અંદર | અમદાવાદ | 20X25 | 500 |
| 37 | એનએચ-47 (જુનું એનએચ-8A) પર સનાથલ સર્કલ થી રાજકોટ તરફ અમદાવાદ જિલ્લાની હદની અંદર | અમદાવાદ | 35X35 | 1225 |
| 38 | એનએચ-64 (જુનું એનએચ-8) પર અસલાલી ચેકપોસ્ટ સર્કલ થી વડોદરા તરફ અમદાવાદ જિલ્લાની હદની અંદર | અમદાવાદ | 35X35 | 1225 |
| 39 | એસએચ-3 પર હાથીજણ સર્કલ થી અમદાવાદ જિલ્લાની હદની અંદર | અમદાવાદ | 35X35 | 1225 |
| 40 | એસએચ-47 પર ઓઢવ સર્કલ થી અમદાવાદ જિલ્લાની હદની અંદર | અમદાવાદ | 35X35 | 1225 |
| 41 | સનાથલ સર્કલ થી વૈષ્ણોદેવી સર્કલ જોડતા 200 ફીટ એસપી રીંગ રોડ પર ગમે ત્યાં | અમદાવાદ | 35X35 | 1225 |
| 42 | વૈષ્ણોદેવી સર્કલ થી ઓઢવ સર્કલ જોડતા 200 ફીટ એસ પી રીંગ રોડ પર ગમે ત્યાં | અમદાવાદ/ ગાંધીનગર | 35X35 | 1225 |
| 43 | ઓઢવ સર્કલ થી હાથીજણ સર્કલ જોડતા 200 ફીટ એસ પી રીંગ રોડ પર ગમે ત્યાં | અમદાવાદ | 35X35 | 1225 |
| 44 | હાથીજણ સર્કલ થી સનાથલ સર્કલ જોડતા 200 ફીટ એસપી રીંગ રોડ પર ગમે ત્યાં | અમદાવાદ | 35X35 | 1225 |
| 45 | બોટાદ શહેર ડબલ્યુએમએલ માં જીએસઆરટીસી બસ સ્ટેશન, બોટાદ થી 1 કિ.મી.ની અંદર | બોટાદ | 17X20 | 500 |
| 46 | ભાવનગર શહેર ડબલ્યુએમએલ માં ભાવનગર મુખ્ય રેલવે સ્ટેશન થી 1.5 કિ.મી.ની અંદર | ભાવનગર | 17X20 | 500 |
| 47 | મહુવા ડબલ્યુએમએલ માં મહુવા કોર્ટ થી 1 કિ.મી. ની અંદર | ભાવનગર | 17X20 | 500 |

| | | | | |
|---|---|---|---|---|
| 48 | ભાવનગર શહેર ડબલ્યુએમએલ માં નારી સર્કલ થી આરટીઓ સર્કલની વચ્ચે નારી સર્કલ થી આરટીઓ સર્કલ તરફ જતા ડાબી બાજુ | ભાવનગર | 25X30 | 750 |
| 49 | ભાવનગર શહેર ડબલ્યુએમએલ માં ક્રેસેન્ટ સર્કલ થી 1 કિ.મી.ની અંદર | ભાવનગર | 17X20 | 500 |
| 50 | એનએચ-68 સાંચોર થરાદ હાઈવે પર સાંચોર બોર્ડર થી 5 કિ.મી.ની અંદર | બનાસકાંઠા | 60X60 | 3600 |
| 51 | એનએચ-168 પર સાંચોર તરફ જતા જમણી બાજુ નૈનાવા દૂધ ઉત્પાદક મંડળી-2 થી 2 કિ.મી.ની અંદર | બનાસકાંઠા | 60X60 | 3600 |
| 52 | એસએચ-7 પર મંદાર તરફ જતા ડાબી બાજુ પર ધાણુ કૃષી બજાર થી 3 કિ.મી.ની અંદર | બનાસકાંઠા | 60X60 | 3600 |
| 53 | એનએચ-27 પર સાંથલપુર પાસે રાધનપુર કંડલા હાઈવે પર ખીમેશ્વર મહાદેવ મંદિર થી 4 કિ.મી.ની અંદર | પાટણ | 60X60 | 3600 |
| 54 | એનએચ-168 પર ગુંદરી ચેક પોસ્ટ દાંતીવાડા થી મંદાર તરફ જતા જમણી બાજુ 4 કિ.મી.ની અંદર | બનાસકાંઠા | 60X60 | 3600 |
| 55 | એનએચ 168 પર પંથાવાડા થી મંદાર, દાંતીવાડા પર મંદાર ચેક પોસ્ટ થી ડાબી બાજુએ 4 કિ.મી.ની અંદર | બનાસકાંઠા | 60X60 | 3600 |
| 56 | એનએચ-27 પર આબુરોડ પર રાજસ્થાન તરફ જતા ડાબી બાજુએ રાજસ્થાન બોર્ડર ચેકપોસ્ટ પહેલા 4 કિ.મી.ની અંદર | બનાસકાંઠા | 60X60 | 3600 |
| 57 | ધ્રાંગધ્રા ટાઉન મ્યુનિસીપલ હદની અંદર | સુરેન્દ્રનગર | 30X30 | 900 |
| 58 | સુરેન્દ્રનગર 80 ફુટ રોડ પર ગમે ત્યાં | સુરેન્દ્રનગર | 30X30 | 900 |
| 59 | એસએચ-17 શાંતિપુરા સર્કલના 5 કિ.મી.ની અંદર શાંતીપુરા સર્કલ-સાણંદ રોડની કોઈ પણ બાજુ | અમદાવાદ | 40X40 | 1600 |
| 60 | એનએચ-8એ/47 સનાથલ ચોકડી થી 10 કિ.મી.ની અંદર અમદાવાદ રાજકોટ હાઈવેની કોઈ પણ બાજુ | અમદાવાદ | 45X45 | 2025 |
| 61 | વિરમગામ બાયપાસ પર પોપટ ચોકડી અને સોકલી રેલવે ક્રોસિંગ વચ્ચે | અમદાવાદ | 40X40 | 1600 |
| 62 | એસએચ 19/221/7 પર મારૂતિ સુઝુકી પ્લાન્ટ ગેટ નં.2 થી 8 કિ.મી.ની અંદર | અમદાવાદ/ સુરેન્દ્રનગર | 40X40 | 1600 |
| 63 | એસએચ-7 પર વિઠલાપુર ચોકડી થી 5 કિ.મી.ની અંદર | અમદાવાદ | 40X40 | 1600 |
| 64 | બોપલ થી ગોધાવી રોડ પર ભવ્ય પાર્ક બીઆરટીએસ સ્ટોપ અને ગોધાવી ટાઉન હોલ વચ્ચે | અમદાવાદ | 30X30 | 900 |
| 65 | બોપલ / ઘુમા માં ગમે ત્યાં | અમદાવાદ | 30X30 | 900 |
| 66 | સુરેન્દ્રનગર/વઢવાણ મ્યુનિસીપલ હદની અંદર | સુરેન્દ્રનગર | 30X30 | 900 |
| 67 | સાણંદ ટાઉન મ્યુનિસીપલ હદની અંદર | અમદાવાદ | 30X30 | 900 |
| 68 | એનએચ-8A/47 અમદાવાદ રાજકોટ હાઈવે પર સાયલા જંકશન થી 5 કિ.મી.ની અંદર | સુરેન્દ્રનગર | 50X50 | 2500 |
| 69 | એનએચ-8A/47 રાજકોટ થી અમદાવાદ હાઈવે પર ડાબી બાજુ કિ.મી. સ્ટોન નં. 88 અને 93 વચ્ચે | સુરેન્દ્રનગર | 45X45 | 2025 |
| 70 | આણંદ રેલવે સ્ટેશન થી 6 કિ.મી. ત્રિજ્યાની અંદર લઘુત્તમ 18 મી રોડ પર ગમે ત્યાં | આણંદ | 20X20 | 500 |
| 71 | પેટલાદ રેલવે સ્ટેશન થી 6 કિ.મી. ત્રિજ્યાની અંદર લઘુત્તમ 18 મી રોડ પર ગમે ત્યાં | આણંદ | 20X20 | 500 |
| 72 | એસએચ-6, દહેજ થી ભરૂચ તરફ 10 કિ.મી.ની અંદર | ભરૂચ | 45X45 | 2025 |
| 73 | એનએચ-48 (ડાબી બાજુ) પર નર્મદા ચોકડી થી વડોદરા તરફ 20 કિ.મી. ની અંદર | ભરૂચ | 45X45 | 2025 |
| 74 | એનએચ-48 (ડાબી બાજુ) પર પાનોલી થી મુલાદ ક્રોસિંગ વચ્ચે | ભરૂચ | 45X45 | 2025 |
| 75 | અંકલેશ્વર શહેર હદની અંદર | ભરૂચ | 20X20 | 500 |

| | | | | |
|---|---|---|---|---|
| 76 | છોટા ઉદેપુર ટાઉન હદની અંદર ગમે ત્યાં | છોટા ઉદેપુર | 30X30 | 900 |
| 77 | બોડેલી ટાઉન હદની અંદર ગમે ત્યાં | છોટા ઉદેપુર | 30X30 | 900 |
| 78 | એનએચ-47 પર દાહોદ થી કટવારા | દાહોદ | 40X50 | 2000 |
| 79 | દમણની અંદર લઘુત્તમ 18 મી રોડ પર ગમે ત્યાં | દમણ | 30X30 | 900 |
| 80 | એનએચ-48 પર કોકા કોલા ખેડા પ્લાન્ટની કોઈ પણ એક બાજુ 6 કિ.મી. ની અંદર | ખેડા | 40X50 | 2000 |
| 81 | નડિયાદ રેલવે સ્ટેશન થી 6 કિ.મી. ત્રિજ્યાની અંદર લઘુત્તમ 18 મી રોડ પર ગમે ત્યાં | ખેડા | 20X20 | 500 |
| 82 | કઠલાલ પોલીસ સ્ટેશન થી 3 કિ.મી. ત્રિજ્યાની અંદર લઘુત્તમ 12 મી રોડ પર ગમે ત્યાં | ખેડા | 20X20 | 500 |
| 83 | ખાત્રજ ક્રોસિંગ થી અમદાવાદ તરફ 3 કિ.મી. ત્રિજ્યાની અંદર | ખેડા | 20X20 | 500 |
| 84 | સંતરામપુર ટાઉન હદની અંદર ગમે ત્યાં | મહિસાગર | 30X30 | 900 |
| 85 | રાજપીપળા ટાઉન હદની અંદર | નર્મદા | 20X20 | 500 |
| 86 | કેવડિયા ખાતે, સ્ટેટ્યૂ ઑફ યૂનિટી પાસે | નર્મદા | 25X30 | 750 |
| 87 | દેવળીયા થી ગરુડેશ્વર વચ્ચે (બંને ગામો સહિત) | નર્મદા | 45X45 | 2025 |
| 88 | નવસારી નગર પાલિકાની હદની અંદર ગમે ત્યાં | નવસારી | 20X20 | 500 |
| 89 | એનએચ-48 પર પલસાણા થી ઉન્ન, નવસારી જિલ્લાની અંદર, ડાબી બાજુ ગમે ત્યાં | નવસારી | 40X50 | 2000 |
| 90 | વાંસદા ટાઉન હદની અંદર ગમે ત્યાં | નવસારી | 30X30 | 900 |
| 91 | હાલોલ બસ સ્ટેન્ડ થી 7 કિ.મી. ત્રિજ્યાની અંદર | પંચમહાલ | 30X30 | 900 |
| 92 | ગોધરા બસ સ્ટેન્ડ થી 6 કિ.મી. ત્રિજ્યાની અંદર | પંચમહાલ | 30X30 | 900 |
| 93 | દાદરા અને નગર હવેલી ખાતે લઘુત્તમ 18 મી રોડ પર ગમે ત્યાં | સીલવાસા | 30X30 | 900 |
| 94 | હઝીરા પોર્ટ થી નવી પારડી સુધી સ્ટેટ હાઈવે પર કોઈ પણ એક બાજુ | સુરત | 40X50 | 2000 |
| 95 | ભરૂચ થી વાપી સુધી ડાબી બાજુ સુરત જિલ્લાની અંદર, એનએચ-48 પર ગમે ત્યાં | સુરત | 40X50 | 2000 |
| 96 | ભરૂચ થી વાપી સુધી જમણી બાજુ સુરત જિલ્લાની અંદર, એનએચ-48 પર ગમે ત્યાં | સુરત | 40X50 | 2000 |
| 97 | એસએમસી / એસયુડીએ હદની અંદર સુરત શહેરમાં ગમે ત્યાં | સુરત | 20X20 | 500 |
| 98 | સુરત કલેક્ટર ઓફિસ થી 20 કિ.મી. ત્રિજ્યાની અંદર લઘુત્તમ 18 મી રોડ પર | સુરત | 20X20 | 500 |
| 99 | એનએચ-53 (જુનું એનએચ-6) પર હઝીરા પોર્ટ થી નવાપુર સુધી કોઈ પણ એક બાજુ | સુરત / વાપી | 40X50 | 2000 |
| 100 | વ્યારા નગરપાલિકા હદની અંદર ગમે ત્યાં | તાપી | 20X20 | 500 |
| 101 | એનએચ-48 (ડાબી બાજુ) ડુમાડ ક્રોસિંગ થી સુરત તરફ 20 કિ.મી.ની અંદર | વડોદરા | 45X45 | 2025 |
| 102 | એનએચ-48 (જમણી બાજુ) ડુમાડ ક્રોસિંગ થી સુરત તરફ 20 કિ.મી.ની અંદર | વડોદરા | 45X45 | 2025 |
| 103 | વીએમસી / વીયુડીએ હદની અંદર વડોદરા શહેર | વડોદરા | 20X20 | 500 |
| 104 | બરોડા રીંગ રોડ (સોમા તળાવ ક્રોસ રોડ થી સુસેન સર્કલ) | વડોદરા | 20X20 | 500 |
| 105 | વીએમસી / વીયુડીએ હદની અંદર સુસેન સર્કલ, વડોદરા શહેર થી 5 કિ.મી. ની અંદર અને આસપાસ | વડોદરા | 20X20 | 500 |
| 106 | વીએમસી / વીયુડીએ હદની અંદર એરપોર્ટ સર્કલ, વડોદરા શહેર થી 5 કિ.મી. ની અંદર અને આસપાસ | વડોદરા | 20X20 | 500 |

| | | | | |
|---|---|---|---|---|
| 107 | વીએમસી / વીયુડીએ હદની અંદર ગોત્રી-સેવાસી-વાસણા-ભાયલી, વડોદરા શહેર થી 3 કિ.મી.ની અંદર અને આસપાસ | વડોદરા | 20X20 | 500 |
| 108 | એનએચ-48 પર કિ.મી. સ્ટોન 325 થી 382 સુધી (સુરત થી મુંબઈ હાઈવે) | વલસાડ | 40X50 | 2000 |
| 109 | એનએચ-56/એનએચ-848 પર વાપી ચાર રસ્તા થી 42 કિ.મી.ની અંદર | વલસાડ | 35X45 | 1575 |
| 110 | વાપી ચાર રસ્તા થી 7 કિ.મી. ત્રિજ્યાની અંદર ગમે ત્યાં | વલસાડ | 20X20 | 500 |
| 111 | વલસાડ રેલવે સ્ટેશન થી 6 કિ.મી. ત્રિજ્યાની અંદર ગમે ત્યાં | વલસાડ | 20X20 | 500 |
| 112 | રાજકોટ શહેર, મ્યુનિસીપલ હદની અંદર | રાજકોટ | 30X30 | 900 |
| 113 | બીજા રીંગ રોડ પર ઘંટેશ્વર થી કોસ્મોપ્લેક્ષ ચોકડી | રાજકોટ | 30X30 | 900 |
| 114 | બીજા રીંગ રોડ પર કોસ્મોપ્લેક્ષ ચોકડી થી પાલ | રાજકોટ | 30X30 | 900 |
| 115 | ગોંડલ શહેર, મ્યુનિસીપલ હદની અંદર | રાજકોટ | 30X30 | 900 |
| 116 | કાલાવાડ રોડ પર કોસમોક્સ ચોકડી થી 5 કિ.મી.ની અંદર | રાજકોટ | 30X30 | 900 |
| 117 | રાજકોટ-જામનગર રોડ પર જામનગર તરફ માધાપર ચોકડી થી 5 કિ.મી.ની અંદર | રાજકોટ | 30X30 | 900 |
| 118 | 150 ફીટ રીંગ રોડ પર નાના મઉવા ચોકડી થી ગોંડલ ચોકડી | રાજકોટ | 30X30 | 900 |
| 119 | રાજકોટ-પોરબંદર રોડ પર ગોંડલ તરફ ગોંડલ ચોકડી થી 5 કિ.મી.ની અંદર | રાજકોટ | 30X30 | 900 |
| 120 | જામનગર શહેરની મ્યુનિસીપલ હદની અંદર | જામનગર | 30X30 | 900 |
| 121 | મોરબીની મ્યુનિસીપલ હદની અંદર | મોરબી | 30X30 | 900 |
| 122 | ઈન્દિરા માર્ગ ડબલ્યુએમએલ જામનગર પર જકાત નાકા સર્કલ થી જામનગર બાયપાસ રોડ | જામનગર | 30X30 | 900 |
| 123 | કાલાવાડ ટાઉન | જામનગર | 30X30 | 900 |
| 124 | ગોકુલનગર ચેકપોસ્ટ થી જામનગર બાયપાસ રોડ તરફ મ્યુનિસીપલ હદની અંદર | જામનગર | 30X30 | 900 |
| 125 | સુમેર ક્લબ રોડ લાલપુર ચોક સુધી વાયા પવન ચક્કી સર્કલ મ્યુનિસીપલ હદની અંદર | જામનગર | 30X30 | 900 |
| 126 | ઉમિયા સર્કલ (ડબલ્યુએમએલ મોરબી શહેર) થી 4 કિ.મી. ત્રિજ્યાની અંદર | મોરબી | 30X30 | 900 |
| 127 | જુનાગઢ શહેરની મ્યુનિસીપલ હદની અંદર | જૂનાગઢ | 30X30 | 900 |
| 128 | માંગરોળની મ્યુનિસીપલ હદની અંદર | જૂનાગઢ | 30X30 | 900 |
| 129 | પોરબંદરની મ્યુનિસીપલ હદની અંદર | પોરબંદર | 30X30 | 900 |
| 130 | દ્વારકા ટાઉનની મ્યુનિસીપલ હદની અંદર | દેવભૂમિ દ્વારકા | 30X30 | 900 |
| 131 | ઉના ટાઉનની મ્યુનિસીપલ હદની અંદર | ગીર સોમનાથ | 30X30 | 900 |
| 132 | એનએચ-251 પર ઉના અને દેલવાડા વચ્ચે ગમે ત્યાં | ગીર સોમનાથ | 35X35 | 1225 |
| 133 | તલાલાની મ્યુનિસીપલ હદની અંદર | ગીર સોમનાથ | 30X30 | 900 |
| 134 | અમરેલી શહેરની મ્યુનિસીપલ હદની અંદર | અમરેલી | 30X30 | 900 |
| 135 | સાવરકુંડલાની મ્યુનિસીપલ હદની અંદર | અમરેલી | 30X30 | 900 |
| 136 | ભૂજ મ્યુનિસીપલ હદ | કચ્છ | 30X30 | 900 |
| 137 | ગાંધીધામ મ્યુનિસીપલ હદ | કચ્છ | 30X30 | 900 |

કોર્પોરેશન દ્વારા સાઇટ / સંભવિત સાઇટ ની વાણિજ્યિક સદ્ધરતાને ધ્યાન માં લઈને મ્યુનિસિપલ હદ / નિગમ / શહેરની મર્યાદામાં જાહેર કરેલા સ્થળો માટે, એક કરતા વધારે સાઇટ પણ લઈ શકાય છે.

## આ જાહેરાત જમીનની ખરીદી / ભાડા પટ્ટે લેવા માટે છે અને ડીલરશીપ માટે નથી

**નિમ્નલિખિત બાબતોની નોંધ લેવી:**

1. નેશનલ હાઇવે/રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આપવામાં આવેલી જમીન ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયના તારીખ 26.6.20 ના પત્ર નંબર RW/NH-33022 /01/2017-S&R (R) અને અન્ય કોઈ સુધારાઓ (જો હોય તો) માં આપેલી NHAI માર્ગદર્શિકાઓને અનુરૂપ હોવી જોઇએ.
2. મિલકતનું ટાઇટલ ક્લીઅર અને વેચાણ યોગ્ય હોવું જોઇએ અને જમીનનો આગળનો ભાગ ખુલ્લો અને વાહનો પસાર થઇ શકે એવો હોવો જોઇએ.
3. બોલી લગાડનારે તમામ કાયદાકીય મંજૂરીઓ જેવી કે શહેરી જમીનની ટોચમર્યાદા, બિન-કૃષિ પરવાનગી, આવકવેરાની મંજૂરી, બોજા-રહિત હોવાનું પ્રમાણપત્ર વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે.
4. વીજળી અને પાણીના જોડાણ ધરાવતા પ્લોટોને પ્રાધાન્ય આપવામાં આવશે.
5. ભાડા કરાર/વેચાણખતની નોંધણી સમયે ચેક/ઇ-પેમેન્ટ મોડ દ્વારા ચૂકવણી કરવામાં આવશે.
6. સંયુક્ત બોલીદારોના કિસ્સામાં અથવા જો આખી જમીન બોલી લગાવનારની ન હોય, તો તેવી વ્યક્તિઓનું જૂથ, જેમની પાસે અમારી જરૂરિયાતને પહોંચી વળતાં એકબીજા સાથે સુસંગત હોય એવા પ્લોટ્સ છે, તે જૂથમાંથી કોઇ એક વ્યક્તિ જે અન્ય લોકો માટે પાવર ઓફ એટર્ની ધરાવતી હોય તે ભાવ આપી શકે છે.
7. બિન-કૃષિ રૂપાંતરવાળી જમીન, ખાસ કરીને વાણિજ્યિક રૂપાંતરણવાળીને પ્રાધાન્ય આપવામાં આવશે. કૃષિ જમીન પ્રદાન કરનારને વેચાણખત/ભાડા કરારની નોંધણી પહેલાં તે જ જમીનને પેટ્રોલ પંપના ઉપયોગ માટે બિન-કૃષિ જમીનમાં સ્વ-ખર્ચે ફેરવવાની રહેશે.
8. વેચવા માટે સૂચવેલ જમીનના સ્પષ્ટ રીતે ભાગ પાડેલા હોવા જોઇએ અને ખતોની / ખસરા નામનું ટાઇટલ દસ્તાવેજ અથવા મહેસૂલ અધિકારી તરફથી કોઈ સમકક્ષ દસ્તાવેજ અથવા પ્રમાણપત્ર સ્પષ્ટપણે આ સૂચવતું અને અને તેની પુષ્ટિ કરતું હોવું જોઇએ.
9. ઓફર સાઇટને રોડ સુધીના સ્તરે લાવવા માટે દિવાલ/હ્યુમ પાઇપ્સ/કલ્વર્ટ વગેરે જાળવી રાખવાના ખર્ચ સહિત જમીનનું પુરાણ કરવાના/ કાપવાના ખર્ચની એચપીસીએલના અંદાજ મુજબ નિવિદાઓના વાણિજયક મૂલ્યાંકન માટે વિચારણા કરવામાં આવશે.
10. ગ્રીન બેલ્ટ હેઠળ આવતી જમીનને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
11. દલાલો અને મિલકત ડીલર્સે અરજી કરવાની જરૂર નથી.
12. આ જાહેરાત રિટેલ આઉટલેટ ડીલરશીપ માટે નથી.
13. આ જાહેરાત માટે જિલ્લા અધિકારીઓ અને અન્ય સરકારી સંસ્થાઓ પણ અરજી કરી શકે છે. જો યોગ્ય લાગે તો સરકારી ગ્રાહકોને પસંદગી આપવામાં આવશે.
14. પ્લોટની ઉપરથી વીજળીના તાર કે ટેલિફોનની લાઇન્સ પસાર થતી હોવી જોઇએ નહિ, ઉત્પાદન/પાણીની પાઇપલાઇન્સ/નહેરો, ગટર/નાળાઓ/જાહેર માર્ગ/રેલ્વે લાઇન વગેરેથી તે મુક્ત હોવો જોઇએ. 11 કે.વી.થી વધુના ઓવરહેડ ઇલેક્ટ્રિકલ એચટી લાઇનવાળા પ્લોટ સ્પષ્ટ રીતે નકારી કાઢવામાં આવશે.
15. ઓફર એક સીલ કરેલા પરબિડીયામાં બેવડી નિવિદા પદ્ધતિ (ટુ બિડ સિસ્ટમ) પર જમા થવી જોઇએ, જેમાં ટેકનિકલ અને નાણાકીય બોલી માટે બે અલગ અલગ સીલબંધ પરબિડીયાઓ નીચે મુજબ હોવા જોઇએ:

**એ) ટેકનિકલ બોલી:**

જમીનના પ્લોટની વિગતો, જો કોઇ દસ્તાવેજો સાથે આપેલી હોય તો, બધા પાનામાં સહી કરવી આવશ્યક છે અને સીલબંધ પરબિડીયામાં "Technical Bid" સ્પષ્ટપણે લખેલું હોવું જોઇએ. ટેકનિકલ બોલીમાં કોઈપણ પ્રકારની નાણાકીય માહિતી ન હોવી જોઇએ.

નીચે મુજબની માહિતી બોલી લગાડનારે આપવાની રહેશે.

i. સંપૂર્ણ સરનામુ અને સંપર્ક નંબર સાથે અરજદારનું નામ
ii. જમીનના માલિક(માલિકો) નું નામ
iii. મિલકતની વિગતો દર્શાવતો મુખ્ય પ્લાન
iv. પ્લોટના કદ/પરિમાણો સાથે વેચાણ/ભાડા પટ્ટે આપેલ વિસ્તાર.
v. ખતોની/ખસરા અથવા સર્વે નંબર અથવા અંતિમ પ્લોટ નંબર કોઈપણ સમાન દસ્તાવેજ અથવા મહેસૂલ અધિકારીનું પ્રમાણપત્ર અને ટાઇટલ ડીડ જેમ કે વેચાણખત, લીંક ડોક્યુમેન્ટ સાથે પટ્ટા વગેરે જે જમીનનો માલિકીહક દર્શાવતું હોય.
vi. પાવર ઓફ એટર્ની ધારકોએ પંજીકૃત (નોંધાયેલી) પાવર ઓફ એટર્નીની એક નકલ જમા કરવાની રહેશે. મુદ્દા નંબર (v) અને (vi) માં દર્શાવેલ દસ્તાવેજો વિના આવેલ ઓફર્સને નકારી કાઢવામાં આવશે.

**બી) નાણાકીય બોલી:** નાણાકીય બોલી નીચેના માળખામાં જમા કરવાની રહેશે.:-(ભાડા પટ્ટે અને સ્પષ્ટ વેચાણ બંને વિકલ્પોની પસંદગી કરનાર પક્ષાઓએ નાણાકીય બોલીના કોષ્ટકમાં બંને શ્રેણી ભરવાની રહેશે:

| વિગતો | અંકમાં | શબ્દોમાં |
|---|---|---|
| ભાડા પટ્ટે - અપેક્ષિત ભાડું દર મહિને રૂપિયામાં (કર સિવાય) | | |
| સ્પષ્ટ વેચાણ માટે - અપેક્ષિત વેચાણ રૂપિયામાં (કર સિવાય) | | |
| પ્લોટ માલિક/માલિકો કરાર નોંધણી / સ્ટેમ્પ ડ્યુટી શુલ્ક કંપની (એચપીસીએલ) સાથે વહેંચવા માટે તૈયાર છે તે હિસ્સાની ટકાવારી | | |
| ભાડા માટે – દરેક વર્ષોનો સમયગાળો, જેના પછી બોલી લગાવનાર દ્વારા ભાડામાં વધારાની અપેક્ષા છે | વર્ષોની સંખ્યા | વર્ષોની સંખ્યા |
| ઉપર જણાવ્યા પ્રમાણે વર્ષોના દરેક સમયગાળા પછી ભાડામાં વધારાની ટકાવારી | %ટકાવારી | %ટકાવારી |

(કૃપા કરીને સ્પષ્ટ કરો કે ઓફર વેચાણ માટે છે અથવા ભાડા પર છે કે બંને).

**જમીન માલિક / માલિકો અથવા પીઓએ ધારકની સહી**

નામ:
સરનામુ:
તારીખ:
સ્થળ:
ફોન નંબર:
ઇ-મેઇલ એડ્રેસ જો કોઈ હોય તો:

નાણાકીય બોલી/ફાઇનાન્સિયલ બિડ એક અલગ સીલબંધ પરબિડીયામાં મૂકવી જોઇએ અને " **Financial Bid**" તરીકે મોટા અક્ષરોમાં લખવું જોઇએ. સીલ કરાયેલા ટેકનિકલ અને નાણાકીય બોલી બંને પરબિડીયાઓને ત્રીજા પરબિડીયામાં

મૂકવા અને “OFFER FOR LAND AT ______________________________ (સ્થાન / જિલ્લાનું નામ, ટેકનિકલ બોલી અને વાણિજ્યિક બોલીના પરબિડીયા પર મોટા અક્ષરોમાં લખવું).

16. સબમિટ કરેલી ઓફર અંતિમ તારીખથી ૧૮૦ દિવસના સમયગાળા સુધી માન્ય હોવી જોઈએ અથવા તે પરસ્પર સ્વીકૃત હોઈ શકે તેટલા વિસ્તૃત સમયગાળાની હોવી જોઈએ.

17. એચપીસીએલ, પોસ્ટ/કુરિયર દ્વારા મોકલેલા દસ્તાવેજોના વિલંબ, નુકસાન અથવા પ્રાપ્ત ન થવા માટે કોઈપણ પ્રકારની જવાબદારી લેતું નથી. પ્રાપ્ત થયેલા ક્વોટેશન્સ ફક્ત ઓફર હોય છે અને તે એચપીસીએલ ને કોઈપણ રીતે બંધનકર્તા રહેશે નહીં.
18. રિટેલ આઉટલેટ્સની સ્થાપના માટેની જમીન NH/SH/PWD/ટાઉન પ્લાનિંગના ધારાધોરણો પ્રમાણે નહીં હોય તો તે નામંજૂર થઇ શકે છે.
19. તકનીકી મૂલ્યાંકન સમિતિના અહેવાલના આધારે જમીનની યોગ્યતાનો નિર્ણય લેવામાં આવશે. ચોરસ અને લંબચોરસ પરિમાણો અને મોટા વિસ્તારવાળા પ્લોટોને પ્રાધાન્ય આપવામાં આવશે.
20. એચપીસીએલ પાસે સંપૂર્ણ જાહેરાત અથવા કોઈપણ સ્થાનની જાહેરાત રદ કરવાનો અબાધિત અધિકાર છે.
21. દરેક સ્થાન માટે અલગ ઓફર આપવાની રહેશે.
22. વિવાદના કિસ્સામાં, જાહેરાતનું અંગ્રેજી સંસ્કરણ અંતિમ હશે.
23. રસ ધરાવતા પક્ષો નિયત તારીખ (02.02.2021) અને સમય (17:00 કલાકે) દ્વારા નીચે દર્શાવેલ સંબંધિત ઓફિસ સરનામાએ જે-તે હેતુ માટેના બોક્સમાં તેમની ઓફરવાળું સીલબંધ પરબિડીયું જમા કરી શકે છે. નિયત તારીખ અને સમય પછી પ્રાપ્ત ઓફર્સને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ટેકનિકલ બોલી 05.02.2021 ના રોજ સવારે 14:30 કલાકે સંબંધિત કચેરીઓથી ખોલવામાં આવશે. રુચિ ધરાવતા બોલીદારો ટેકનિકલ બોલી ખોલવાના સમયે હાજર રહી શકે છે.

(ક્રમાંક નંબર 1 થી 69 માટે) હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ, અમદાવાદ રીટેઇલ ક્ષેત્ર, પેટ્રોલીયમ હાઉસ, મેમનગર ફાયર સ્ટેશન પાછળ, નવરંગપુરા, અમદાવાદ - 380009, ગુજરાત, ફોન નંબર. 079-27915083.

(ક્રમાંક નંબર 70 થી 111 માટે) હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ, વડોદરા રીટેઇલ ક્ષેત્ર, પહેલો માળ, એચપીસીએલ પેટ્રોલ પમ્પ, કારેલીબાગ, પાણીની ટાંકી રોડ, અંબાલાલ પાર્ક, વડોદરા- 390018, ફોન નંબર. 0265-2463782.

(ક્રમાંક નંબર 112 થી 137 માટે) હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ, રાજકોટ રીટેઇલ ક્ષેત્ર, તેલ ભવન, પહેલો માળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ - 360005, ગુજરાત, ફોન નંબર. 0281-2571944.

વિગતવાર જાહેરાત અમારી વેબસાઈટ www.hindustanpetroleum.com પર ઉપલબ્ધ છે.
(ઓપન પાથઃ રીટેલ (પેટ્રોલ પંપ) ⟶ રિટેલ આઉટલેટ્સ ⟶ આરઓ ડિલરશીપ્સ (COCO). ઓફર જમા કરાવવાની અંતિમ તારીખ 02/02/2021 ના 17.00 કલાક છે.

/hpcl | /hpcl | /hpcl
www.hindustanpetroleum.com

ફરી થી વાપરી શકાય તેવું ફેસ કવર અથવા માસ્ક પહેરો

વારંવાર અને સારી રીતે હાથ ધુઓ

2 ગજ ની દૂરી (6 ફુટ) શારિરીક અંતર જાળવો